સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLU, IELTS, TOEFL, GRE ની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/એનબી-૭૪૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૫/૦૬/૨૦૨૧

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) વિભાગનો તા.૧૩/૦૧/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૧૦

**સુધારા ઠરાવઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLUના જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GREની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ પેટે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સીધી સહાય (ડીબીટી) તરીકે ચૂકવવાની યોજના અમલમાં છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી ધોરણ-૧૦માં ૭૦ ટકા કે તેથી વધારે ગુણ મેળવેલ હોય તેવા ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થિનીઓને આ યોજના હેઠળ લાભ આપવાની જોગવાઇ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા પ્રસ્તુત

(P.T.O.)

યોજના અંતર્ગત તાલીમી સંસ્થાઓ એમ્પેનલ કરવા તેમજ શૈક્ષણિક લાયકાતના ધોરણમાં સુધારો કરવા બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત યોજના હેઠળ હાલની બજેટ જોગવાઇની મર્યાદામાં જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થિનીઓ માટે નીચે મુજબની શૈક્ષણિક લાયકાતનું ધોરણ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) CEPT, NIFT, NLUના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચીંગ સહાય માટે વિદ્યાર્થીએ ધો.૧૦માં ૬૫ % કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ અને ધો.૧૧-૧૨ ના કોઇ પણ પ્રવાહમાં અભ્યાસ કરતા હોવા જોઇએ.

(૨) જ્યારે IIMના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચીંગ સહાય માટે વિદ્યાર્થીએ ધો.૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ અને કોઇ પણ પ્રવાહના સ્નાતક અભ્યાસક્રમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા હોવા જોઇએ અથવા સ્નાતક થયેલ હોય તો સ્નાતકની પરીક્ષામાં ૬૦% થી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.

(૩) IELTS, TOEFL, GRE જેવી વિદેશ અભ્યાસના હેતુસર આપવાની થતી પરીક્ષાની કોચીંગ સહાય માટે વિદ્યાર્થીએ ધો.૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.

૩. વધુમાં, ઉક્ત યોજના અંતર્ગત ઉપર દર્શાવ્યા મુજબની પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપતી સંસ્થાઓની પસંદગી રીઝલ્ટબેઝ ક્રાઇટેરીયા સાથે નીચે મુજબના ધારા ધોરણો નિયત કરી તાલીમી સંસ્થાઓ એમ્પેનલ કરવાનું પણ આથી ઠરાવવામાં આવે છે:

૧) સંસ્થા ત્રણ વર્ષ કરતાં વધારે અનુભવ ધરાવતી હોવી જોઇએ.

૨) સંસ્થા GST નંબર ધરાવતી હોવી જોઇએ.

૩) સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક (ફીંગર પ્રિંટ) મશીન હોવું જોઇએ તેમજ સંસ્થાએ સમગ્ર કોર્ષ દરમ્યાનની હાજરીની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીને મોકલવાની રહેશે.

૪) સંસ્થા અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.

૫) આ યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે સદરહુ યોજનાના લાભાર્થીઓને આધાર નંબર સાથે લીંક કરવાના રહેશે.

વંચાણે લીધા ક્રમાંક (૧), (૨) અને (૩) પરના ઠરાવોની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૧૬/૦૬/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૯) સિલેકટ ફાઇલ